ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ એકમ ગુરુવાર ૧૩ ઓગષ્ટ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૪૯

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦

નીટ મુદ્દે સરકારની ચર્ચાની ઓફર વિપક્ષે ફગાવી

અમિત શાહે સ્પીકરને પત્ર લખી ચર્ચાની તૈયારી દર્શાવી; વિપક્ષે પેલેટ ગન અને ગૃહમંત્રીના રાજીનામાની માંગ પર અડગ રહી વોકઆઉટ કર્યો

વિપક્ષ સંસદમાં શાહનું "લેક્ચર" સાંભળવા માગતો નથી: રાહુલ ગાંધી

યુવાનો જાણવા માગે છે કે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર પેલેટ ગનથી ગોળી ચલાવવાનો આદેશ કોણે આપ્યો હતો

હોબાળા વચ્ચે જ FCRA સુધારા બિલ JPC ને સોંપાયું

નવી દિલ્હી, તા. 12 (PTI): મોનસૂન સત્રના અંતિમ દિવસના એક દિવસ પહેલાં લોકસભામાં વિદ્યાર્થીઓના આંદોલન અને NEET પેપર લીક મુદ્દે ચર્ચા કરાવવાના સરકારના પ્રયાસો નિષ્ફળ ગયા. ગૃહમંત્રી અમિત શાહે વિપક્ષને સ્પીકર ઓમ બિરલાને ઔપચારિક પત્ર આપીને ચર્ચા માટે સંમતિ આપવા કહ્યું હતું. તેમણે બુધવારે બપોરે 3 વાગ્યાથી ગુરુવારે 3 વાગ્યા સુધી ચર્ચા માટે સરકાર તૈયાર હોવાનું જણાવ્યું હતું.

શાહે કહ્યું કે તેઓ સમગ્ર ચર્ચા દરમિયાન હાજર રહીને વિપક્ષના તમામ સવાલોના જવાબ આપશે અને સરકારને છુપાવવાનું કંઈ નથી. બાદમાં તેમણે સ્પીકરને પત્ર લખીને વિપક્ષ સાથે સંમતિથી ચર્ચા માટે જરૂરી સમય ફાળવવાની વિનંતી પણ કરી. શાહે લોકશાહીમાં વાતચીત અને ચર્ચા જ ઉકેલનો એકમાત્ર માર્ગ હોવાનું કહ્યું અને લોકશાહી સંસ્થાઓમાં પોતાનો સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કર્યો. લોકસભા બપોરે 3 વાગ્યે ફરી મળી ત્યારે બે વખતના સ્થગન બાદ પણ વિપક્ષનો હંગામો ચાલુ

...અનુસંધાન પાના 11 પર

હું ભાગતો નથી, ચર્ચા માટે તૈયાર છું': વિપક્ષને શાહનો જવાબ

ગૃહમંત્રીનો પડકાર- 2 વાગ્યા સુધી સ્પીકરને પત્ર આપો; 3 વાગ્યાથી ચર્ચા શરૂ કરીએ

NEET પેપર લીક અને વિદ્યાર્થીઓ પર પોલીસ કાર્યવાહીના મુદ્દે સરકાર ચર્ચા માટે તૈયાર હોવાનો શાહનો દાવો

નવી દિલ્હી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બુધવારે વિપક્ષને NEET સંબંધિત વિદ્યાર્થીઓના આંદોલન અને તેની સાથે જોડાયેલા તમામ મુદ્દાઓ પર ચર્ચા માટે લોકસભા અધ્યક્ષને ઔપચારિક પત્ર આપવાનો પડકાર ફેંક્યો હતો. તેમણે કહ્યું કે ચર્ચા શરૂ થાય ત્યારથી સમગ્ર કાર્યવાહી દરમિયાન હાજર રહીને તેઓ તમામ સવાલોના જવાબ આપવા તૈયાર છે. સંસદ પરિસરમાં પત્રકારો સાથે વાત કરતાં અમિત શાહે કહ્યું કે હવે વિપક્ષે નક્કી કરવાનું છે કે તે ચર્ચામાં ભાગ લેવા માગે છે કે સંસદમાં હોબાળો કરવા માગે છે. તેમણે કહ્યું કે વિપક્ષે બપોરે 2 વાગ્યા સુધીમાં અધ્યક્ષને પત્ર આપવો જોઈએ અને સરકાર આજે બપોરે 3 વાગ્યાથી ગુરુવારે બપોરે 3 વાગ્યા સુધી કોઈપણ પ્રકારની ચર્ચા માટે તૈયાર છે. સરકાર પાસે છુપાવવા જેવું કંઈ નથી. શાહે કહ્યું કે 20 જુલાઈથી સત્ર શરૂ થયું ત્યારથી તેઓ નિયમિતપણે સંસદમાં આવી રહ્યા છે અને પોતાના કાર્યાલયમાં હાજર રહે છે, પરંતુ વિપક્ષ બંને ગૃહોની કાર્યવાહી ચાલવા દેતો નથી. તેમણે કહ્યું કે NEET મુદ્દે વિદ્યાર્થીઓના વિરોધ અને પોલીસ કાર્યવાહી સહિત તમામ પાસાં પર ચર્ચા કરવા સરકાર તૈયાર છે. મંગળવારે સંસદના બંને ગૃહોમાં લાંબા સમયથી ચાલી રહેલા વિક્ષેપ વચ્ચે ચોમાસુ સત્ર પૂર્ણ થવાના એક દિવસ પહેલાં ગૃહમંત્રી અમિત શાહે આ નિવેદન આપ્યું હતું. વિપક્ષનું શરૂઆતનું વિરોધ પ્રદર્શન NEET પેપર લીક અને અયોધ્યાના રામ મંદિરના દાનમાં કથિત ગેરરીતિના મુદ્દે હતું. બાદમાં વિપક્ષે NEET પેપર લીક સામે પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ પર પોલીસ કાર્યવાહીને લઈને ચર્ચાની માગ કરી હતી. સાથે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહની ગૃહમાં હાજરી અને તેમના નિવેદનની પણ માગ કરવામાં આવી હતી.

યુરોપમાં અદભુત ખગોળીય નઝારો: 'મહા સૂર્ય ગ્રહણ'ને જોવા લાખો લોકો ઉમટ્યા

સ્પેનમાં પૂર્ણ અને યુકેમાં અંશતઃ સૂર્યગ્રહણ; 'ઇક્લિપ્સ ગ્લાસ' ખરીદવા માટે લંડનથી મેડ્રિડ સુધી લાંબી લાઈનો

એક સદી પછી સ્પેનમાં 'પૂર્ણ સૂર્યગ્રહણ'

આઈસલેન્ડમાં વાદળોએ મજા બગાડી; યુકેમાં હવે ૨૦૫૦ સુધી આવું ગ્રહણ જોવા નહીં મળે

સૂર્ય, ચંદ્ર અને પૃથ્વી એક સીધી રેખામાં આવતાં યુરોપના અનેક દેશોમાં દિવસ દરમિયાન અંધારપટ છવાયો

મેડ્રિડ, તા. 12. યુરોપમાં ૨૦૨૬ના પૂર્ણ સૂર્યગ્રહણને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. યુકે, સ્પેન અને આઈસલેન્ડ જેવા દેશોમાં લાખો લોકો આ દુર્લભ ખગોળીય ઘટનાના સાક્ષી બનવા એકઠા થઈ રહ્યા છે. સ્પેન, યુકે અને આઈસલેન્ડ સહિત પશ્ચિમ યુરોપના અનેક વિસ્તારોમાં લાખો લોકો સૂર્યગ્રહણ જોવા માટે એકઠા થયા છે. સ્પેનમાં એક સદીથી પણ વધુ સમય બાદ પ્રથમ વખત પૂર્ણ સૂર્યગ્રહણ જોવા મળ્યું છે. આ અદભુત ખગોળીય ઘટનાના સાક્ષી બનવા માટે સ્પેનના શહેરો, ગામડાઓ અને ટેકરીઓ પર

...અનુસંધાન પાના 11 પર

હોટેલોના ભાડાં આસમાને, 'ઇક્લિપ્સ ગ્લાસ' ખરીદવા પડાપડી



આ દુર્લભ ઘટનાને કારણે સ્પેનમાં આશરે ૫ લાખ વધારાના પ્રવાસીઓ આવ્યા છે. સાન્તિયાગો દ કમ્પોસ્ટેલા, બિલબાઓ અને આ કોરુના જેવા ઉત્તરીય શહેરોમાં હોટેલ રૂમની માંગ અને ભાડાં આસમાને પહોંચ્યા છે. આઈસલેન્ડમાં ૧૯૫૪ પછી પહેલીવાર આટલું મોટું ગ્રહણ દેખાયું છે. રાજધાની રેક્જાવિકમાં હોટેલના એક રૂમના એક રાતના ભાડાં $૧,૦૦૦ (આશરે રૂ. ૮૩,૦૦૦થી વધુ) સુધી પહોંચી

...અનુસંધાન પાના 11 પર

ગ્રીનલેન્ડના બરફીલા દરિયામાં 'સુપરમેન' કેપ્ટનનું સાહસ

ગ્રીનલેન્ડના 'રાઈપફ્જોર્ડ' દરિયાઈ વિસ્તારમાં ૧૨૬ મુસાફરોને લઈને નીકળેલા 'MS સ્પિટ્સબર્ગન' નામના ક્રૂઝ શિપના કેપ્ટન સ્વેરે રુડે પોતાના જહાજને એવી જગ્યાએ ગોઠવવાનો પ્રયાસ કર્યો હતો જ્યાં વાદળો ન નડે. આ વિસ્તારમાં હાલ ૨૪ કલાક સૂર્યપ્રકાશ હોય છે, પરંતુ ગ્રહણના ૨ મિનિટ દરમિયાન અચાનક અંધારું છવાઈ ગયું હતું, જેને જોઈને પ્રવાસીઓ રોમાંચિત થઈ ઉઠ્યા હતા.

દિલ્હી ડાયરી

સંસદ કેન્ટીનમાં અમૃતસરી સ્વાદનો હંગામો

દિલ્હીના જંતર-મંતર પર જેન ઝી પ્રદર્શનકારીઓ સામે કાર્યવાહીનો આદેશ કોણે આપ્યો તે અંગે ગૃહમંત્રી અમિત શાહ પાસે સ્પષ્ટતાની વિરોધ પક્ષોની માંગણી ન સંતોષાવાને કારણે બંને ગૃહનું કામકાજ ઠપ્પ થઈ ગયું હતું, જેની વચ્ચે સંસદ ભવનની કેન્ટીનમાં એક અલગ જ પ્રકારનો હંગામો જોવા મળ્યો હતો. અમૃતસરના ભાજપના સાંસદ તથા શાહના નજીકના સહયોગી તરુણ ચુગના કારણે આ હંગામો સર્જાયો હતો, જેમણે સાંસદોને અમૃતસરના પ્રખ્યાત સ્વાદનો આનંદ આપવા માટે કેન્ટીનમાંથી ખાસ અમૃતસરી વાનગીઓ મંગાવી હતી. આકર્ષણનું મુખ્ય કેન્દ્ર અમૃતસરી 'કુલચા' અને 'છોલે' હતા. સ્વાભાવિક છે કે, મીઠાઈ વગર પંજાબી ભોજન પૂરું કેવી રીતે થઈ શકે! આ બધું બપોરના ભોજન સમયે કેન્ટીનમાં ચુગના આગમન સાથે શરૂ થયું હતું. જે વિરોધી સાંસદો થોડી મિનિટો પહેલાં ગૃહના ફ્લોર પર એકબીજા

...અનુસંધાન પાના 11 પર

મોબાઈલ ડેટા પ્લાન મોંઘા થવાના એંધાણ

એરટેલે ટેરિફ વધારવા દૈનિક 1.5 GB વાળા પ્લાન્સ બંધ કર્યા

ગ્રાહકોને હવે 16% મોંઘો રૂ. 349નો પ્લાન લેવાની મજબૂરી, ટેલિકોમ ક્ષેત્રે દર વધારાના એંધાણ

નવી દિલ્હી, તા. 12 (PTI): ભારતી એરટેલે તેના પ્રીપેઈડ પ્લાનમાં મોટો ફેરફાર કરતાં દરરોજ 1.5 GB ડેટા અને અનલિમિટેડ કોલિંગ આપતા તમામ પ્લાન બંધ કરી દીધા છે. કંપનીની એપ પર ઉપલબ્ધ માહિતી મુજબ, એરટેલે રૂ. 299, રૂ. 319, રૂ. 579, રૂ. 619 અને રૂ. 649ના પાંચ પ્લાન હટાવી દીધા છે. આ નિર્ણયથી સૌથી વધુ અસર લોકપ્રિય રૂ. 299ના પ્લાનનો ઉપયોગ કરતા ગ્રાહકો પર પડશે. હવે દરરોજ વધુ ડેટા સાથેનો વિકલ્પ મેળવવા માટે તેમને રૂ. 349નો પ્લાન લેવો પડશે, જે લગભગ 16 ટકા મોંઘો છે. આ પ્લાનમાં અનલિમિટેડ 5G ડેટાની સુવિધા પણ છે. જોકે, રૂ. 199 અને રૂ. 219ના એન્ટ્રી લેવલ પ્લાનમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. નિષ્ણાતોના મતે એરટેલનો આ નિર્ણય ટેલિકોમ ઉદ્યોગમાં આગામી સમયમાં ઊંચા ટેરિફ તરફના સંભવિત ફેરફારનો સંકેત છે. કંપનીનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રતિ

...અનુસંધાન પાના 11 પર

કયા પાંચ પ્લાન બંધ કરાયા?

ભારતી એરટેલે પોતાની મોબાઈલ એપ પરથી દૈનિક ૧.૫ GB ડેટા અને અનલિમિટેડ કોલિંગ આપતા તમામ પ્રીપેડ પ્લાન્સ હટાવી દીધા છે. બંધ કરવામાં આવેલા પાંચ મુખ્ય પ્લાન આ મુજબ છે:

રૂ. ૨૯૯ પ્લાન: ૨૮ દિવસ માટે દરરોજ ૧.૫ GB ડેટા (સૌથી વધુ વેચાતો પ્લાન).
રૂ. ૩૧૯ પ્લાન: ૩૦ દિવસ માટે દરરોજ ૧.૫ GB ડેટા.
રૂ. ૫૭૯ પ્લાન: ૫૬ દિવસ માટે દરરોજ ૧.૫ GB ડેટા.
રૂ. ૬૧૯ પ્લાન: ૬૦ દિવસ માટે દરરોજ ૧.૫ GB ડેટા.
રૂ. ૬૪૯ પ્લાન: ૫૬ દિવસ માટે દરરોજ ૨ GB ડેટા.

ભારત સાથેની સરહદે સ્થિતિ સામાન્ય રીતે સ્થિર હોવાનો ચીનનો દાવો

બીજિંગ, તા. 12 (PTI): ચીને બુધવારે ભારત-ચીન સરહદની સ્થિતિ હાલ "સામાન્ય રીતે સ્થિર" હોવાનું કહ્યું હતું. જોકે, અરુણાચલ પ્રદેશની સરહદ નજીક ચીનની સૈન્ય ગતિવિધિઓમાં વધારો થયો હોવાના અહેવાલો અંગે ચીનના વિદેશ મંત્રાલયે કોઈ સીધી ટિપ્પણી કરી નહોતી. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુને કહ્યું કે બંને દેશો વચ્ચેની સરહદની સ્થિતિ હાલ સામાન્ય રીતે સ્થિર છે. તેમણે જણાવ્યું કે ગયા અઠવાડિયે ભારત અને ચીન વચ્ચે સરહદી બાબતો પર ચર્ચા અને સંકલન માટેની વર્કિંગ મિકેનિઝમની 36મી બેઠક યોજાઈ હતી. બંને પક્ષોએ રાજદ્વારી અને સૈન્ય માધ્યમો દ્વારા સંપર્ક જાળવી રાખવા તથા સરહદી વિસ્તારોમાં શાંતિ અને સ્થિરતા જાળવવા સંમતિ

...અનુસંધાન પાના 11 પર

ખાદ્ય ચીજો મોંઘી થતાં છૂટક ફુગાવામાં વધારો

છૂટક ફુગાવો વધીને 4.45% એ પહોંચ્યો, ડુંગળી 22.54% અને આદુ 83.62% મોંઘાં; RBIના 4%ના લક્ષ્યથી સતત બીજા મહિને મોંઘવારી ઉપર

ખાદ્ય મોંઘવારી 5.52% થઈ; તેલંગાણામાં સૌથી વધુ મોંઘવારી, આગામી મહિનાઓમાં પણ ભાવ વધવાનો નિષ્ણાતોનો અંદાજ

નવી દિલ્હી, તા. 12 (PTI): દેશમાં છૂટક મોંઘવારી જુલાઈમાં વધીને 4.45 ટકા થઈ છે. સરકારના આંકડા અનુસાર, ડુંગળી અને આદુ સહિતની રસોડાની ચીજવસ્તુઓના ભાવ વધવાથી મોંઘવારીમાં વધારો થયો છે. જૂનમાં છૂટક મોંઘવારી 4.38 ટકા હતી. જાન્યુઆરીથી નવા આધાર વર્ષ 2024 સાથે શરૂ થયેલી શ્રેણીમાં જુલાઈનો આંકડો અત્યાર સુધીનો સૌથી ઊંચો છે. નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ (NSO) ના કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (CPI)ના આંકડા મુજબ, ખાદ્ય મોંઘવારી જૂનના 5.32 ટકાથી વધીને જુલાઈમાં 5.52 ટકા થઈ હતી. ડુંગળીની મોંઘવારી 4.73 ટકાથી વધીને 22.54 ટકા થઈ હતી, જ્યારે આદુના ભાવમાં 83.62 ટકાનો ઉછાળો નોંધાયો હતો. લસણના ભાવમાં પણ નોંધપાત્ર વધારો થયો હતો. જોકે બટાકા, ભીંડા, વટાણા અને ટામેટાંના ભાવ ઘટ્યા હતા. જુલાઈમાં રાષ્ટ્રીય સ્તરે મોંઘવારી 4.45 ટકા રહી હતી ત્યારે ગ્રામીણ વિસ્તારોમાં મોંઘવારી 4.84 ટકા અને શહેરી વિસ્તારોમાં 3.96 ટકા રહી હતી. તેલંગાણામાં સૌથી વધુ 6.32 ટકા અને મિઝોરમમાં સૌથી ઓછી 1.84 ટકા મોંઘવારી નોંધાઈ હતી. રિઝર્વ બેન્કના ગવર્નર સંજય મલ્હોત્રાએ અગાઉ કહ્યું હતું કે હાલ મોંઘવારી મુખ્યત્વે ખાદ્ય અને ઈંધણના ભાવને કારણે વધી રહી છે. RBIએ 2026-27 માટે CPI મોંઘવારીનું અનુમાન 5 ટકા રાખ્યું છે. નિષ્ણાતોના મતે જુલાઈમાં ખાદ્ય વસ્તુઓનો ફુગાવો ધીમો પડ્યો હતો અને બિનખાદ્ય વસ્તુઓમાં ફુગાવો સ્થિર રહ્યો હતો જેના કારણે થોડી રાહત મળી હતી પણ આગામી મહિનાઓમાં ખાદ્યતેલના વધતા ભાવ, પરિવહન ખર્ચ અને ભૌગોલિક રાજકીય તણાવને કારણે મોંઘવારી ફરી વધી શકે છે. ક્રૂડ ઓઈલ આગામી અઠવાડિયામાં પ્રતિ બેરલ 80-85 ડોલરની આસપાસ રહેવાની શક્યતા છે.

ટાટા સન્સના ચેરમેન N ચંદ્રશેખર 2027માં પદ છોડશે

પાંચ વર્ષની બીજી ટર્મ માટે ટાટા ટ્રસ્ટ્સની ભલામણ છતાં બોર્ડમાં સર્વસંમતિ ન બનતા ચંદ્રશેખરે બીજા ટર્મ માટે નામ ન આપવાનો નિર્ણય લીધો

મુંબઈ, તા. 12 (PTI): ટાટા સન્સના ચેરમેન એન. ચંદ્રશેખર 20 ફેબ્રુઆરી 2027એ તેમનો વર્તમાન કાર્યકાળ પૂર્ણ થયા બાદ પદ છોડશે. 63 વર્ષીય ચંદ્રશેખરે બુધવારે ટાટા સન્સના બોર્ડને બીજી ટર્મ માટે પોતાનું નામ રજૂ નહીં કરવાની જાણકારી આપી અને નવા ચેરમેનની પસંદગીની પ્રક્રિયા વહેલી શરૂ કરવા કહ્યું. ચંદ્રશેખરે જણાવ્યું કે તેઓ ટાટા ગ્રુપ સાથે 40 વર્ષથી જોડાયેલા છે. તેમના જણાવ્યા મુજબ સર દોરાબજી ટાટા ટ્રસ્ટ અને સર રતન ટાટા ટ્રસ્ટે સર્વસંમતિથી તેમની પાંચ વર્ષની બીજી ટર્મ લંબાવવાની ભલામણ કરી હતી. જોકે, બોર્ડના

...અનુસંધાન પાના 11 પર

ચંદ્રશેખરના રાજીનામા બાદ ટીસીએસ સહિત ટાટા જુથના શેરો ઘટ્યા

ટાટા ગ્રુપની કંપનીઓના શેરમાં આજે ઘટાડો જોવા મળી રહ્યો છે. ટાટા સન્સના ચેરમેન એન. ચંદ્રશેખરના રાજીનામાના સમાચાર બાદ ગ્રુપ કંપનીઓના શેર પર દબાણ આવ્યું હતું. સૌથી મોટો ઘટાડો ગ્રુપની સૌથી મોટી કંપની ટીસીએસના શેરમાં થયો છે, જેનો શેર લગભગ 6 ટકા ઘટીને રૂ. 2306.70 પર બંધ થયો છે. તે જ સમયે ટાટા મોટર્સ પેસેન્જર

...અનુસંધાન પાના 11 પર

કર્મચારીઓને ચંદ્રશેખલનું સંબોધન: અફવાઓ પર ધ્યાન ન આપતા

બોમ્બે હાઉસ ખાતે કર્મચારીઓને સંબોધતા ચંદ્રશેખરને ટાટા સન્સનું નેતૃત્વ કરવું મહાન સન્માન અને મોટી જવાબદારી ગણાવ્યું. તેમણે કર્મચારીઓ, રોકાણકારો અને ભાગીદારોનો આભાર માન્યો અને કહ્યું કે ટાટાનું ગૌરવ કર્મચારીઓની મહેનતથી છે. નેતૃત્વ પરિવર્તન અંગેની અફવાઓ અને અટકળો પર ધ્યાન ન આપવા તેમણે કર્મચારીઓને અપીલ કરી.

ટાટા સન્સ અને ટ્રસ્ટ્સ વચ્ચે ખેંચતાણ વધતાં વરિષ્ઠ નેતાઓ પાછળ હટ્યા

ચંદ્રાની વિદાય સાથે રતન ટાટાના નજીકના સાથીઓ દૂર થવા લાગ્યા

રતન ટાટાના નજીકના વિજય સિંહ અને મેહલી મિસ્ત્રી પણ દૂર થયા

ટાટા ટ્રસ્ટ્સ પાસે 66% હિસ્સો; બોર્ડમાં સ્થાન, ગવર્નન્સ અને ટાટા સન્સના સંભવિત લિસ્ટિંગને લઈને મતભેદો વધ્યા

નવી દિલ્હી, તા. 12 (PTI): 2024માં રતન ટાટાના નિધન બાદ ટાટા ગ્રુપના ટોચના સ્તરે ચાલી રહેલા સત્તાસંઘર્ષ વચ્ચે રતન ટાટાની નજીકના અનેક વરિષ્ઠ અધિકારીઓ અને ટ્રસ્ટીઓ ધીમે ધીમે ગ્રુપથી દૂર થયા છે. એન. ચંદ્રશેખરન પણ હવે આ યાદીમાં જોડાયા છે. તેમણે 20 ફેબ્રુઆરી 2027એ ટાટા સન્સના ચેરમેન તરીકેનો વર્તમાન કાર્યકાળ

...અનુસંધાન પાના 11 પર

ટાટા સન્સને લિસ્ટ કરવું કે નહીં તે પણ એક વિવાદ

ટાટા સન્સના બોર્ડમાં નિમણૂક અને બેઠકોની વહેંચણી ઉપરાંત ટાટા સન્સને ભવિષ્યમાં શેરબજારમાં લિસ્ટ કરવું કે નહીં તે પણ મોટો મતભેદ બન્યો છે. નોએલ ટાટા લિસ્ટિંગના વિરોધમાં છે, જ્યારે વેણુ શ્રીનિવાસન અને વિજય સિંહ તેના સમર્થક છે. ચંદ્રશેખરે પણ ટાટા સન્સનું લિસ્ટિંગ નહીં થાય એવી નોએલની માગ પર સ્પષ્ટ ખાતરી આપી નહોતી. નોએલના પુત્ર નેવિલ ટાટાને સર રતન ટાટા ટ્રસ્ટના ટ્રસ્ટી બનાવવાના નિર્ણયનો પણ શ્રીનિવાસન અને સિંહે વિરોધ કર્યો હતો.

તા. ૧૨-૦૮-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

વરસાદ (૧૮.૦૦ કલાક સુધી)	આજનો 0.0 મીમી	મોસમનો ૧૭૨.૮ મીમી
ઉકાઈ	સપાટી આજની ૩૩૪.૫૨ ફૂટ	આઉટફ્લો ૨૩,૨૦૦ ક્યુસેક
તાપમાન	મહત્તમ ૩૧.૫ સે.	લઘુત્તમ ૨૯.૨ સે. / ભેજ ૭૯%